# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-01-2025 Day: Saturday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM – ગ્રામીણ મહોત્સવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 10:30 વાગ્યે, નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ગ્રામીણ ભારત મહોત્સવ 2025નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે.

ગ્રામીણ ભારતની ઉદ્યોગસાહસિકતા અને સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરતા, મહોત્સવ 4 થી 9મી જાન્યુઆરી દરમિયાન યોજાશે જેની થીમ 'વિકસિત ભારત 2047 માટે સ્થિતિસ્થાપક ગ્રામીણ ભારતનું નિર્માણ' અને મુદ્રાલેખ ““गांव बढ़े, तो देश बढ़े” છે.

-----------------------------------------------------------------------------------

## CM- ખેલ મહાકુંભ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં આજે ખેલ મહાકુંભનાં ત્રીજા તબક્કાનો ઉદ્ઘાટન કરશે.

રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, વર્ષ 2010 માં 13 લાખ રમતવીરોની સહભાગીથી આરંભ થયેલા ખેલ મહાકુંભમાં આજે 71 લાખ 30 હજારથી વધુ રમતવીરો ભાગ લેશે.

આ ખેલ મહાકુંભમાં અંડર 9 શ્રેણીથી માંડીને અબોવ 60 શ્રેણી સુધી મળીને 7 વયજૂનનાં ખેલાડીઓ વિવિધ 39 રમતોમાં ભાગ લેશે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રમતવીરોને 5 લાખ રૂપિયાથી માંડીને 10 હજાર રૂપિયા સુધીનાં રોકડ પુરસ્કાર આપવામાં આવશે. કુલ 45 કરોડનાં રોકડ પુરસ્કાર તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને આપવામાં આવશે.

આજે ખેલ મહાકુંભનાં ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખેલ મહાકુંભનાં બીજા તબક્કાની રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓ, શ્રેષ્ઠ ત્રણ જિલ્લાઓ અને ત્રણ શ્રેષ્ઠ મહાનગરપાલિકાઓને પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે.

આજે ખેલ મહાકુંભનાં ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખેલ મહાકુંભનાં બીજા તબક્કાની રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓ, શ્રેષ્ઠ ત્રણ જિલ્લાઓ અને ત્રણ શ્રેષ્ઠ મહાનગરપાલિકાઓને પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે.

------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા -સુરત

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું છે કે, રાષ્ટ્ર નિર્માણમાં આજના યુવાનો પોતાની સહભાગિતા દર્શાવી શકે તે માટે યુવાનોને સક્ષમ નેતૃત્વ શિખવાડવું ખૂબ જરૂરી છે કારણ કે સફળ નેતૃત્વ જ દેશને વિકાસની દોડમાં આગળ લઈ જઈ શકશે.

સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે યોજાયેલા જાહેર નેતૃત્વ અંગેના પ્રશિક્ષણના ત્રીજા તબક્કાના કેમ્પમાં કેન્દ્રીય મંત્રી મનસુખ મંડવીયાએ આ મુજબ જણાવ્યું હતું.

------------------------------------------------------------------------------------------

## EPFO- પેન્શન ચૂકવણી

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન **EPFO**ની કેન્દ્રીયકૃત પેન્શન ચૂકવણી વ્યવસ્થા હવે દેશભરમાં સંપૂર્ણપણે કાર્યાન્વિત થઈ ગઈ છે. ડિસેમ્બર મહિનામાં દેશની તમામ 122 પેન્શન ચૂકવણી પ્રાદેશિક કચેરીઓમાં નોંધાયેલા 68 લાખથી વધુ પેન્શનધારકોને એક હજાર 570 કરોડ રૂપિયાથી વધુનાં પેન્શનની ચૂકવણી કરવામાં આવી હતી.

શ્રમ અને રોજગાર મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, આ આધુનિક પ્રણાલિ એ સુનિશ્ચિત કરશે કે પેન્શનધારકો દેશનાં કોઈ પણ સ્થળે, કોઇ પણ બેન્કમાંથી પોતાનું પેન્શન ઉપાડી શકશે.

---

## વંદે ભારત સ્લિપર ટ્રેન

વંદે ભારત સ્લિપર ટ્રેન દ્વારા ટૂંક સમયમાં લાંબા અંતરનાં રેલ પ્રવાસમાં વિશ્વકક્ષાનો અનુભવ મળશે. છેલ્લાં ત્રણ દિવસથી હાથ ધરવામાં આવી રહેલા પરીક્ષણોમાં વંદે ભારત સ્લિપર ટ્રેને પ્રતિ કલાક મહત્તમ 180 કિલોમીટરની ઝડપ હાંસલ કરી છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કોટા ડિવિઝનમાં  આ ટ્રેનના સફળ પરિક્ષણનો વિડિયો રજૂ કર્યો છે. આ મહિનાના અંત સુધી પરિક્ષણ ચાલુ રહેશે. વંદે ભારત સ્લિપર ટ્રેન સ્વયંસંચાલિત દરવાજા, અત્યંત આરામદાયક સીટ અને વિમાન જેવી ડિઝાઇન જેવી સુવિધાઓ ધરાવે છે. હાલમાં દેશભરમાં 136 વંદે ભારત ટ્રેન ચલાવવામાં આવી રહી છે.

---

## ખો-ખો વિશ્વકપ

ભારતમાં રમાનાર પ્રથમ ખો ખો વિશ્વકપની ટ્રોફી અને પ્રતીકનું ગઇકાલે નવી દિલ્હીમાં અનાવરણ કરવામાં આવ્યું. 13થી 19 જાન્યુઆરી દરમિયાન રમાનાર આ સ્પર્ધામાં 24 દેશોમાંથી પુરુષોની 21 અને મહિલાઓની 20 ટીમ ભાગ લેશે. પુરુષોની સ્પર્ધાની ટ્રોફી વાદળી રંગની અને મહિલાઓની ટ્રોફી લીલા રંગની છે. ખો ખોની રમતને વૈશ્વિક સ્તરે લઈ જવાના હેતુથી ભારતમાં રમાનાર વિશ્વકપ વધુ મહત્વનો છે.

---

## ભૂકંપ આંચકો

રાપરથી લગભગ 24 કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું છે. ગઇકાલે શુક્રવારે સાંજે 4:16 કલાકે 2.8ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો છે.

નોંધનીય છે કે, બે દિવસ પહેલાં પહેલી જાન્યુઆરીના દિવસે પણ કચ્છના અનેક વિસ્તારમાં 3.2ની તીવ્રતા સાથે ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપ આવતાં રાપર, ભચાઉ,

ગાંધીધામ સહિતના વિસ્તારોમાં ધરા ધ્રૂજી હતી. જેમાં કચ્છના ભચાઉથી 23 કિમી દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ હોવાનું સામે આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

અબડાસાના મુખ્ય મથકે નલિયામાં લઘુત્તમ તાપમાન 10 ડિગ્રી તો મહત્તમ ઉષ્ણતામાન 29 ડિગ્રી રહ્યું હતું. ભુજમાં પારો વધુ એક આંક જેટલો ઉપર ચડીને 13.4 ડિગ્રીએ પહોંચ્યો હતો જ્યારે ઉંચું ઉષ્ણતામાન ત્રણ ડિગ્રી ઘટીને 29.6 ડિગ્રી થયું હતું.

---------------------------------------------------------------------------------------